# ગાંધીનગર સંસદીય મતક્ષેત્રના તાલુકાના ગામોમાં ગામદીઠ ૧૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરવાનો નિર્ધાર

## વર્ષ ૨૦૨૫ સુધીમાં સમગ્ર મતક્ષેત્રના ૫૦ ટકા કિસાનોને નેચરલ ફાર્મિંગ કરતા બનાવવાની નેમ દર્શાવતા કેન્દ્રીય ગૃહમંત્રી









કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ખેતીને રસાયણમુક્ત બનાવી જમીનની ફળદ્રુપતા વધારવા અને પ્રાકૃતિક કૃષિથી ખેતી સમૃદ્ધિની સાચી દિશામાં વિશ્વને વાળવાના બ્રાન્ડ એમ્બેસેડર પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદી બનવાના છે.

આ સંદર્ભમાં ગૃહમંત્રીએ કહ્યું કે દેશમાં દશકો સુધી રાસાયણિક ખાતરોના ઉપયોગથી ખેતી થતી રહી છે. આ કાલબાહ્ય પ્રણાલિના જે પરિણામો જોવા મળ્યા છે તેનાથી સ્વાસ્થ્યપ્રદ જીવન સામે ઘોર સંકટ ઉભું થયું છે.

હવે આ સંકટના તારણો પાયરૂપે પ્રાકૃતિક ખેતી સક્ષમ વિકલ્પરૂપે ઉભરી આવી છે. કિસાનોને આ તરફ વાળીને આવનારા દિવસોમાં વિશ્વ આખાને પ્રાકૃતિક ખેતીની દિશા દર્શાવવામાં આપણા વડાપ્રધાન બ્રાન્ડ એમ્બેસેડર બનશે.

કેન્દ્રીય ગૃહમંત્રી પોતાના સંસદીય મતક્ષેત્ર ગાંધીનગરના ગામોની કિસાનશક્તિ અને ગ્રામીણ કૃષિકારો સાથે પ્રાકૃતિક કૃષિ વિષયક માર્ગદર્શક સેમિનારના અધ્યક્ષસ્થાનેથી વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરી રહ્યા હતા.

ગાંધીનગર અને અમદાવાદ ગ્રામીણ ક્ષેત્રના એક હજારથી વધુ ધરતીપુત્રો, કૃષિકારો અને પ્રાકૃતિક ખેતીના હિમાયતી અગ્રણીઓ સહભાગી થયા હતા.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કૃષિમંત્રી રાઘવજી પટેલ તથા રાજ્યમંત્રી મુકેશ પટેલ પણ આ પરિસંવાદમાં ગાંધીનગરથી ગૃહમંત્રી સાથે જોડાયા હતા.

તેમણે પ્રાકૃતિક ખેતીને વધુ પ્રોત્સાહન આપવા આગામી વર્ષ ૨૦૨૫ સુધીમાં ગાંધીનગર સંસદીય મતક્ષેત્રના ૫૦ ટકા ખેડૂતોને નેચરલ ફાર્મિંગ તરફ પ્રેરિત કરવાની નેમ આ તકે વ્યક્ત કરી હતી. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદ અને ગાંધીનગરના પ્રગતિશીલ ખેડૂતોને માર્ગદર્શન આપતા જણાવ્યું કે રાસાયણિક ખેતીના કારણે જમીનની ફળદ્રુપતા ક્ષીણ થઈ રહી છે અને કૃષિ ઉત્પાદન સતત ઘટી રહયું છે. જળ, જમીન અને પર્યાવરણ પ્રદૂષિત થતાં લોકો અસાધ્ય બીમારીનો ભોગ બની રહ્યા છે. ત્યારે રાસાયણિક કૃષિના આ દુષ્પરિણામોને નિવારવા આપણે પ્રકૃતિ તરફ પાછા વળવું પડશે અને પ્રાકૃતિક ખેતી અપનાવવી પડશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રાકૃતિક ખેતી પરના આ પરિસંવાદને કૃષિ સંક્રાંતિ ગણાવતાં કહ્યું કે આઝાદીના અમૃત મહોત્સવે કૃષિ ક્ષેત્રે આત્મનિર્ભર બનવાનું લક્ષ્ય પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવી સાકાર કરવું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા કોરોનાથી સંક્રમિત થયા છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.
- રખિયાલ નજીક આવેલ દિપેશ્વરી મા નું તીર્થધામ પૂનમના દિવસે દર્શનાર્થીઓ માટે બંધ રહેશે.
- લીમ્બડીયા ગામમાં આજે મહિલા પંચાયત સત્યનારાયણની કથા પછી વિધિવત્ ચાર્જ સંભાળી લેશે.
- આજે સરકારે રજા જાહેર કરી હોવા છતાં ઘણી બધી કચેરીઓ કાર્યરત હતી જો કે કર્મચારીઓની હાજરી પાંખી હતી.
- કરૂણા અભિયાન દરમ્યાન તંત્રએ બે દિવસમાં ૮૨ પશુ-પક્ષીને સારવાર આપી હતી.
- પંચાયત રાજ્યમંત્રી બ્રિજેશ મેરજા પણ કોરોનાથી સંક્રમિત થયા છે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે ૧૦૮ ની ટીમની પીઠ આજે થાબડી હતી. તેમની બેનની તબીયત લથડતાં ૧૦૮ દ્વારા તેમને હોસ્પિટલ લઈ જવાયા હતા.
- વાયબ્રન્ટ સમીટ બંધ રહેતાં અને ઉત્તરાયણ હોવાથી એક્ઝીબીશન સેન્ટર તેમજ મહાત્મા મંદિર નજીકના ચાલતા કામો અધુરા છોડી એજન્સીઓ જતી રહેતાં ઘણા બધા પ્રશ્નો વચ્ચે વસાહતીઓમાં આ અધુરા કામો ચર્ચાનો મુદ્દો બન્યા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં ૧૪મી જાન્યુઆરીએ ૧૮૦ કોરોનાના કેસ નોંધાયા હતા.
- આજે ત્રીજા શનિવારે યોજાયેલ જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક રદ કરાઈ હતી.
- ગાંધીનગરની આઈઆઈટી પછી બીજી શૈક્ષણિક સંસ્થા "નીફ્ટ"માં કોરોના વિસ્ફોટ થયો છે અને ૧૭ કેસ અહિ નોંધાયા છે.

## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



શું પુછે છે ઊતરાયણ કેવી ગઈ..?? તો સાંભળ, ઉધીયાના નાના રવૈયા બજારમાં ક્યાંય ન મળ્યા... મોટા લીધા તેમાં નકરા બી નીકળ્યા... વટાણા ઇયળવાળા, સુરણ તો ચડ્યું જ નહીં અને કોથમીર લેવાનું જ ભુલી ગઈ...!!

# સોમવારે પોષી પૂનમ : મા અંબાજીનો પ્રાગટ્યોત્સવ

## હિન્દુ ગ્રંથોમાં પૂર્ણિમાના દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન અને સૂર્યદેવની આરાધના કરવાની પરંપરા

પોષ સુદ પૂનમને સોમવારના દિવસે પોષી પૂનમ છે. સોમવારે આવતી પૂનમ ઉત્તમ ગણાય છે. તેમાં પણ પોષી પૂનમનું વિશેષ મહત્વ છે. તથા આ દિવસે માતાજી અંબાજી પ્રાકટ્ય ઉત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે પોષી પૂનમ સોમવારે હોવાથી ચંદ્ર પોતાનું સંપૂર્ણ અમૃતતત્વ પૃથ્વી પર વરસાવશે. આ દિવસે આગાસીમાં બેસી રસોઈ કરવાનું મહત્વ છે. કહેવાય છે કે સાંજના સમયે અગાસીએ રોટલો અને રીંગણાનો ઓળો બનાવવો. તથા આ દિવસે નાની બાળાઓ ચંદ્ર ઉગે તેના દર્શન કરી બાજરાના રોટલાની ચાનકી બનાવી પોતાના ભાઈને સામે ઉભો રાખી અને તે ચાનકીના કાણામાંથી ચંદ્ર જોઈ અને બોલે છે 'પોષી પોષી પૂનમડી અગાસીએ રાંધ્યા અન્ન ભાઈની બેન રમે કે જમે' આમ ત્રણવાર બોલે તેનો ભાઈ જવાબ આપે કે જમે. આમ ત્યારબાદ ઘરની અગાસીએ અથવા ઘરમાં સૌ ભેગા મળીને ભોજન કરવું. આ દિવસે માતાજીને લીલા શાકભાજી અર્પણ કરવા ધરવા તથા કુળદેવીની પૂજામાં અંબાજીની પૂજન કરવું જાપ કરવા ઉત્તમ ગણાય છે. આ સોમવારે આખો દિવસ અને રાત્રી પૂનમ છે તેથી શુભ કાર્ય માટે પણ ઉત્તમ ગણાય છે.

મા અંબાનું પ્રાગટ્ય એક રહસ્યપૂર્ણ ઘટના માનવામાં આવી રહી છે. ડુંગરાળ પ્રદેશમાં કેટલાય વર્ષો અગાઉ ભયંકર દુષ્કાળ પડ્યો હતો ત્યારે ત્યાંના ભલા ભોળા લોકો પશુધન અને પ્રાણીઓ દુષ્કાળથી અત્યંત પીડિત બની ગયા હતા અને ત્રાહીમામ પોકારી ગયા હતા. દુઃખી થઈ ગયેલા લોકોને કોઈજ ઉપાય સૂઝતો નહતો. ત્યારે આ બધાએ ભેગા થઈને શક્તિની દેવી મા અંબાજીને બે હાથ જોડીને પ્રાર્થના કરીને કરગરવા લાગ્યા અને કારમાં દુષ્કાળમાંથી ઉગારવા અનેક વિનવણીઓ કરી હતી. વિષમ પરિસ્થિતિમાં સપડાયેલા લોકોને ઉગારી લેવા કરેલી વિનંતી છેવટે કામ કરી ગઈ અને મા અંબા ભક્તોના વહારે આવ્યા. માએ કૃપા કરતાં જ એ સમયે પુષ્કળ પ્રમાણમાં શાકભાજી અને ધન-ધાન્ય ધરતી માતાની ગોદમાં ઉત્પન્ન થયા. માની અમીદૃષ્ટિથી દુષ્કાળની પરિસ્થિતિ દૂર થતાં લોકોમાં મા પ્રત્યેના અહોભાવમાં અનેક ઘણો વધારો થયો જેથી પોષી પૂનમ ઉજવવામાં આવે છે.

### પોષ પૂર્ણિમાનું મહત્વ

વૈદિક જ્યોતિષ અને હિન્દુ ધર્મ સાથે જોડાયેલી માન્યતા અનુસાર પોષ સૂર્ય દેવનો મહિનો માનવામાં આવે છે. કહેવામાં આવે છે કે આ મહિનામાં સૂર્યદેવની આરાધનાથી મનુષ્યને મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી પોષ પૂર્ણિમાના દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન અને સૂર્યદેવની આરાધના કરવાની પરંપરા છે. સૂર્ય અને સૂર્યદેવની આરાધના કરવાની પરપરં છે. સૂર્ય અને ચંદ્રમાનો અદ્ભૂત સંગમ પોષ પૂર્ણિમાની તિથિ પર જ આવે છે. આ દિવસે સૂર્ય અને ચંદ્રમાં બંનેના પૂજનથી મનોકામના પૂર્ણ થાય છે તે સાથે જીવનમાં આવનારી મુશ્કેલી દૂર થાય છે.

**પોષી પૂર્ણિમા નિમિત્તે જય અંબે પરિવાર દ્વારા માતાજીને ૫૬ ભોગ ધરાવવાના છે. જય અંબે પરિવાર દ્વારા આજથી મીઠાઈઓ બનાવવામાં આવશે. આવતીકાલે ૧૨.૦૦ વાગ્યે માતાજીને આ તૈયાર કરેલ મીઠાઈઓ ધરાવવામાં આવશે. લગભગ ૫૦ થી ૬૦ ભાઈઓ બહેનો આ માતાજીના પ્રાગટ્ય ઉત્સવમાં જોડાશે. કોરોના ગાઈડલાઈનના પાલન સાથે ઉજવણી કરવામાં આવશે**

# પકૃતિ પ્રેમીઓએ 'વૃક્ષો બચાવો - ગાંધીનગર બચાવો' લખેલાં પતંગ ઉડાવ્યાં

## પાટનગરમાં કપાઈ રહેલાં લીલાછમ વૃક્ષો સામે પ્રકૃતિપ્રેમીઓએ પતંગના માધ્યમથી વ્યથા ઠાલવી

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના કૌભાંડ ઉજાગર કરતા આંદોલનકારી નેતા યુવરાજસિંહ જાડેજાએ ઉમેદવાર યુવાનોને આ વખતે બેરોજગાર ઉત્તરાયણ મનાવવાની હાકલ કરી હતી જે અંતર્ગત તેમણે રાજ્યમાં બહાર આવી રહેલા ભરતી કૌભાંડો અંગે પતંગ પર વિવિધ સૂત્રો લખી પોતાની વ્યથા ઠાલવી હતી. બીજી તરફ ગાંધીનગરમાં કેટલાંક પ્રકૃતિપ્રેમી પતંગરસિયાઓએ "વૃક્ષો બચાવો - ગાંધીનગર બચાવો" સહિતના પર્યાવરણના જતનના સંદેશ આપતા વિવિધ સુત્રો પતંગ પર લખી ઉત્તરાયણની મોજ માણવા સાથે જાગૃતિ ફેલાવવાનો પણ પ્રયાસ કર્યો હતો.







પાટનગરમાં વિકાસના નામે મોટી સંખ્યામાં કપાઈ રહેલાં વર્ષો જુના લીલાછમ વૃક્ષોથી શહેરના પ્રકૃતિ પ્રેમીઓ ખુબ જ ચિંતિત છે કે સૌ કોઈ જાણે છે. આ સાથે સૌ કોઈ એ પણ જાણે છે કે આડેધડ વૃક્ષોના નિકંદનથી પર્યાવરણને અને તે થકી છેવટે માનવ જીવનને પણ કેટલી ગંભીર અસર પહોંચી શકે છે. આમ છતાં પાટનગરમાં વિવિધ વિકાસ કાર્યોના આયોજનમાં મોટી સંખ્યામાં વૃક્ષો કપાઈ રહ્યાં છે જેના કારણે શહેરના નાગરિકો તેમના હૃદયમાં એક ટીસ અનુભવી રહ્યાં છે, કેમકે જે કપાઇ રહ્યાં છે તે શહેરના એજ વૃક્ષો છે જેની સાથે શહેરીજનોનો વર્ષોનો સાથ અને સંભારણા રહ્યાં છે, એજ વૃક્ષો છે જેને ગાંધીનગરવાસીઓ પોતાના પરિવારના સભ્યો ગણીને પ્રેમ કરે છે અને તે જ આ શહેરની ઓળખ પણ છે. શહેરના સેક્ટર-૪માં ઉત્તરાયણ પર્વ દરમ્યાન કેટલાંક પ્રભુ પ્રકૃતિપ્રેમી નાગરિકોએ પતંગ ઉપર પોતાની આ વ્યથા ઠાલવતાં સુત્રો લખ્યાં હતાં અને તે પતંગ ઉડાડીને જન જન સુધી પર્યાવરણ જતનનો સંદેશ પહોંચાડવા પ્રયાસ કર્યો હતો. આ સાથે તેમણે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવાનો અને પાણી બચાવવાનો સંદેશ પણ પતંગ પર લખીને પાઠવ્યો હતો.

# ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે ૭૫ વખત રક્તદાન પૂર્ણ કર્યુ

ગાંધીનગર, તા. ૧૫

આઝાદી કા અમૃત મહોત્સવ વર્ષ દરમિયાન સંજય થોરાતે ૭૫ વખત રક્તદાન પૂર્ણ કર્યુ. આજના જમાનામાં રક્તદાન એ મહાદાન કહેવાય છે એમ કહેવાય છે કે કન્યાદાન પછી રક્તદાન અત્યંત મહત્વનું કહેવાય છે. બ્લડ બેંકમાં રક્તના અભાવને કારણે અનેક દર્દીઓ પોતાની જિંદગી ગુમાવે છે. અત્યારે ભારતમાં આઝાદીનો અમૃત મહોત્સવ ચાલી રહ્યો છે અને આ દરમિયાન ગાંધીનગરના નિયમિત બ્લડ ડોનર સંજય થોરાતે ૭૫મી વખત બ્લડ ડોનેટ કર્યુ હતુ.

ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત ૨૨ વર્ષની વયથી નિયમિત રક્તદાન કરે છે. છેલ્લા ત્રણ વર્ષથી તેઓ અમદાવાદના એક થેલેસેમીયા મેજર પેશન્ટને પોતાનું બ્લડ આપે છે. અમદાવાદ વાસણા ખાતે પ્રથમ બ્લડ બેંક ખાતે પોતાના વ્હીકલમાં જઈને રક્તદાન કરે છે. તેઓ રક્તદાન માટે મિત્રોને પણ પ્રોત્સાહિત કરે છે અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરે છે.



**પતંગના આનંદ સાથે ગરબાની પણ મોજ..!!**

ઉત્તરાયણમાં પરિવાર-પડોશીઓ અને મિત્રો-સ્નેહીજનો સાથે મળીને આનંદ કરવો એજ આ તહેવારની ખરી મજા છે. પ્રસન્નતાના આ પર્વમાં પતંગરસિયાઓ માત્ર પતંગ ચડાવવાનો જ નહીં પરંતુ ધાબે ચડીને અનેક પ્રકારની ધિંગામસ્તી કરવાનો આનંદ માણે છે એમાં જો ગરબાના રમે તો તે ગુજરાતી શેના? વાવોલની શાલીન-૪ એપાર્ટમેન્ટ સોસાયટીમાં અડોશી-પડોશીઓએ ઉત્તરાયણમાં આખો દિવસ પતંગ ચઢાવ્યાં બાદ સાંજે મ્યુઝિક સિસ્ટમના સહારે ધાબા પર જ ગરબા રમવાનો પણ આનંદ માણ્યો હતો.



**આવો.. લડાવો પેચ, હું હજુ મેદાનમાં છું..!!!**

ઉત્તરાયણ એ જીવનમાં આનંદ, ઉલ્લાસ અને ઉમંગથી ભરી દેતું પર્વ છે. મોજ મસ્તી ભર્યા આ પર્વમાં પતંગ ચગાવવાનો આનંદ નાના બાળકોથી માંડીને મોટી વયના વડીલો સુધીના તમામ વયના નાગરિકોમાં જોવા મળે છે. વયોવૃદ્ધ વડીલો પણ પતંગ ચગાવતી વખતે નાના ભૂલકાંઓ જેવા રોમાંચ અને યુવાનો જેવા જોશનો અનુભવ કરે છે. આ ઉત્તરાયણમાં શહેરમાં આશરે એંસીની વયે પહોંચેલા એક વડીલ જે ઉત્સાહથી પતંગ ચડાવતાં હતા તે જોઈને આસપાસના પતંગરસિયાઓ પણ દંગ રહી ગયાં હતાં અને આ વડીલ તેમની અદાથી જાણે કહી રહ્યાં હતા કે 'આવી જાવ પેચ લડાવવા, હું હજુ પણ મેદાનમાં જ છું..!!!'

# મુખ્યમંત્રીએ ગૌ-પૂજા કરી અને ગરીબ પરિવારોને પ્રસાદ-ધાબળાનું વિતરણ કર્યુ

ગાંધીનગર, તા. ૧૫

મકરસંક્રાંતિના પર્વે સવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથજી મંદિરે ભગવાનના દર્શનાર્થે પધાર્યા હતા. મુખ્યમંત્રીએ જગન્નાથજીની આરતી ઉતારી શ્રદ્ધાપૂર્વક પૂજન અર્ચન કર્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંદિરના પ્રાંગણમાં ગૌ-પૂજા કરી હતી, ત્યારબાદ મંદિરની બહાર જ ગરીબ પરિવારોને ગરમ ધાબળા અને પ્રસાદનું વિતરણ પણ કર્યું હતું.

જગન્નાથજીના મંદિરેથી નીકળી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નારણપુરા વિસ્તારમાં પરિવારના સભ્યો સાથે ઉજવણીમાં સહભાગી થઈ પતંગ ઉત્સવ મનાવ્યો હતો.

# સાદરા વિદ્યાપીઠ ખાતે યુવાનો અને સ્વામી વિવેકાનંદ વિષય પર ઓનલાઈન વેબીનાર યોજાયો

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજિત રાજયપાલશ્રીના આહવાન પર અમૃત મહોત્સવ અંતર્ગત યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ અંતર્ગત યુવાનો અને સ્વામી વિવેકાનંદ વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ એટલે યુવા દિવસ ૧૨ જાન્યુઆરી સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડનાર એક ભગવા ધારી સંતને યાદ કરી તેમના જીવમાંથી જીવન જીવવાની જડીબુટ્ટી શોધવાની કવાયતના ભાગરૂપે એક સુંદર વેબીનારનું આયોજન એન.એસ.એસ. યુનિટ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમમાં સૌથી વધુ યુવાનો જોડાઈ લાભાન્વીત થયા. તેમાં મુખ્ય વ્યાખ્યાન ડૉ. ગાયત્રીદત્ત મહેતાએ ગુજરાતના વિવિધ યુવાનો અને સ્વામી વિવેકાનંદના જીવન કવન પર સુંદર પ્રેરણાદાયી વાતો મુકી. ડૉ. રાજેન્દ્ર જોશીએ પ્રાસંગિકમાં સૌને આવકાર્યા. અધ્યક્ષીય વ્યાખ્યાનમાં સંયોજક રમેશભાઈ પટેલે યુવાનોને વિકાસ માટે પ્રેરણા આપી. કાર્યક્રમ અધિકારી ડૉ. મોતીભાઈ દેવુએ આભારદર્શન કર્યુ.

**વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન**
WASMO
બનાસકાંઠા-પાલનપુર

**જાહેર નિવિદા નં. ૩૩ સને ૨૦૨૧-૨૨**

યુનિટ મેનેજરશ્રી, જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, બીજો માળ, આદર્શ હાઈસ્કૂલની પાછળ, ડેરી રોડ પાલનપુર, જી. બનાસકાંઠા પીન. ૩૮૫૦૦૧ દ્વારા અધ્યક્ષશ્રી ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિઓ વતી ઈ-૨ ક્લાસ તથા તેનાથી ઉપરના લાગુ પડતા ક્લાસનું રજીસ્ટ્રેશન ધરાવતા ઠેકેદારો પાસેથી ડીસા તાલુકાના ગામો ખાતે 'નલ સે જલ' યોજના હેઠળ કુલ (૬) કામોના ટેન્ડર ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ભાવો માંગવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂ. ૯.૨૧ લાખ થી રૂ. ૧૪૫.૧૫ લાખ સુધીના કુલ રૂ. ૩૯૭.૪૭ લાખ થાય છે. જેના ટેન્ડર આઈ.ડી. (૧) ૫૦૦૪૯૯ (૨) ૫૦૦૫૦૧ (૩) ૫૦૦૫૦૩ (ક્રમાંક ૧ થી ૩ ત્રીજો પ્રયત્ન) (૪) ૫૦૦૫૧૩ (૫) ૫૦૦૫૧૪ (૬) ૫૦૦૫૧૭ થી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર આઈ.ડી, (૧) ૫૦૦૪૯૯ (૨) ૫૦૦૫૦૧ (૩) ૫૦૦૫૦૩ (ક્રમાંક ૧ થી ૩ ત્રીજો પ્રયત્ન) માટે ઓનલાઈન સબમીશનની છેલ્લી તા : ૨૫.૦૧.૨૦૨૨ ના ૧૮.૦૦ કલાક સુધી છે અને ફીઝીકલ ડોક્યુમેન્ટ તા : ૨૭.૦૧.૨૦૨૨ ના રોજ ૧૫.૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીએ સાદર કરવાના રહેશે. ટેન્ડર આઈ.ડી. (૪) ૫૦૦૫૧૩ (૫) ૫૦૦૫૧૪ (૬) ૫૦૦૫૧૭ માટે ઓનલાઈન સબમીશનની છેલ્લી તા : ૦૮.૦૨.૨૦૨૨ ના ૧૮.૦૦ કલાક સુધી છે. અને ફીઝીકલ ડોક્યુમેન્ટ તા : ૦૯.૦૨.૨૦૨૨ના રોજ ૧૫.૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી,/સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીએ સાદર કરવાના રહેશે. કામગીરી જેતે પાણી સમિતિની અને કલસ્ટર કોરટીમની દેખરેખ નીચે હાથ ધરવાના રહે છે. ટેન્ડરની સાથે નિવિદામાં દર્શાવેલ તમામ ડોકયુમેન્ટ ઉપરાંત બ્લેકલીસ્ટ / ડીબાર્ડ નહી થવાનુ ડીકલેરેશન ફોર્મ નં.૦૯ તથા ફોર્મ નં.૧૮ લેટર પેડ ઉપર ફરજીયાત સાદર કરવાનુ રહેશે. એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણો આપ્યા વગર રદ કરવાનો આબાદિત અધિકાર સંબધિત ગામની પાણી સમિતિનો રહેશે. ટેન્ડરને લગતી વિગતવાર વિગતો વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તથા www.nprocure.com ઉપર ઉપલબ્ધ છે. ટેન્ડર અન્વયે જરૂરી ફેરફાર સુધારાની વિગતો માત્ર ઓનલાઈન જોઈ શકાશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.
**નં. નામાનિ/પાલન/૫૪૯/૨૦૨૧-૨૦૨૨**